બુધવાર, 17 ડિસેમ્બર, 2025 માગશર વદ તેરસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ઉજો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## નડિયાદમાં સ્કૂલના નામે વાલીઓને ફોન: OTP આપી વાલીઓ બન્યા સાયબર ફ્રોડનો શિકાર

નડિયાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં સાયબર ફ્રોડ કરનારા ગઠિયાઓએ છેતરપિંડીનો એક નવો કિમીયો શોધી કાઢ્યો છે, જેમાં તેઓ ખાસ કરીને સ્કૂલોમાં ભણતા બાળકોના વાલીઓને પોતાનો શિકાર બનાવી રહ્યા છે. આ ઘટનાઓ સામે આવતા વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

સાયબર ગઠિયાઓ કોઈ ચોક્કસ સ્કૂલના પ્રતિનિધિ તરીકે વાલીઓને ફોન કરે છે. વાતચીતમાં તેઓ બાળકના નામનો ઉલ્લેખ કરીને ફી ભરવામાં કે એડમિશનની કોઈ પ્રક્રિયામાં તકનીકી ખામી હોવાનું જણાવી વાલીઓને વિશ્વાસમાં લે છે. ત્યારબાદ, આ ખામી દૂર કરવાના બહાને, તેઓ વાલીઓના મોબાઈલ પર આવેલો OTP (વન-ટાઇમ પાસવર્ડ) માગી લે છે. વાલીઓ પોતાના બાળકના શિક્ષણ સંબંધિત મામલો સમજીને કોઈ પણ જાતની ખરાઈ કર્યા વિના OTP આપી દે છે. ગઠિયાઓ આ OTP નો ઉપયોગ કરીને તાત્કાલિક વાલીઓના બેંક ખાતામાંથી પૈસા ઉપાડી લઈને ઓનલાઇન છેતરપિંડી કરે છે. આ રીતે નડિયાદમાં અનેક વાલીઓ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે અને તેમની મહેનતની કમાણી ગુમાવી છે.

આ પ્રકારના ફ્રોડથી બચવા માટે સામાન્ય જનતા અને ખાસ કરીને વાલીઓને જાગૃત થવું ખૂબ જરૂરી છે. કોઈ પણ સંજોગોમાં અજાણ્યા કોલ પર, પછી ભલે તે સ્કૂલના નામ પર હોય કે બેંકના નામ પર, અંગત માહિતી, ATM પિન કે OTP ક્યારેય શેર કરવા નહીં. જો કોઈ શંકાસ્પદ ફોન આવે તો તાત્કાલિક તેની ખરાઈ સ્કૂલ અથવા બેંકના સત્તાવાર સંપર્ક નંબર પરથી કરવી. યાદ રાખો, સાવધાન રહો, સતર્ક રહો.




## નવાપુરામાં ખોદકામ દરમિયાન જૂનો ગેસ ગ્રેનેડ મળ્યો

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં મહેબૂબપુરા પોલીસ ચોકી પાસે ધાર્મિક સ્થાનના ખોદકામ દરમિયાન બોમ્બ જેવો પદાર્થ મળી આવતા ભારે ચકચાર મચી હતી. આ ઘટનાને પગલે એસીપી અશોક રાઠવા, સ્થાનિક પોલીસ અને બોમ્બ સ્કવોડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. તપાસમાં આ પદાર્થ ૪૦-૫૦ વર્ષ જૂનો ગેસ ગ્રેનેડ હોવાનું બહાર આવ્યું હતું. જોકે, ગ્રેનેડ નિર્જીવ હોવાથી પોલીસ તંત્ર અને વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સ્થાનિકોએ ગ્રેનેડ મૂકી જવાના આક્ષેપો કર્યા, જેને પોલીસે ફગાવ્યા હતા.

## ફ્રેન્ડ રિક્વેસ્ટ મુદ્દે ગોરવામાં જીવલેણ હુમલો

વડોદરાના ગોરવા વિસ્તારમાં સોશિયલ મીડિયાના એક ફ્રેન્ડ રિક્વેસ્ટને કારણે જીવલેણ હુમલાની ઘટના સામે આવી છે. ગોરવા વિસ્તારમાં રહેતા ધ્રુવેશ પંચાલે તેની સાથે અભ્યાસ કરતી પરણિત યુવતીને સોશિયલ મીડિયા પર રિક્વેસ્ટ મોકલી હતી. આ અંગેની જાણ થતાં યુવતીના પતિ પ્રતીક રબારીએ ધ્રુવેશને ધમકી આપી દશામા ચાર રસ્તા પાસે મળવા બોલાવ્યો હતો. પ્રતીક અને તેના બે મિત્રોએ ભેગા મળીને ધ્રુવેશને ઢોર માર માર્યો હતો અને તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં ભાગી છૂટેલા યુવકને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ધ્રુવેશ પંચાલે પ્રતીક રબારી સહિત ત્રણ હુમલાખોરો સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## સતીષ છારા પકડાયો: ૧૩ ગુના અને ૩ વખત પાસાનો ઇતિહાસ





આણંદના તારાપુર અને હિંમતનગરના ચોરીના ગુનામાં છેલ્લા ૧૧ મહિનાથી વોન્ટેડ ચાલી રહેલો આરોપી સતીષ લાલીયા છારા ઝડપાયો છે. પોલીસે બાતમીના આધારે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આરોપી સામે અગાઉ અમદાવાદ અને ગાંધીધામમાં ૧૩ ગુના નોંધાયેલા છે અને તે ત્રણ વખત પાસા હેઠળ જેલવાસ ભોગવી ચૂક્યો છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## કાગડાપીઠ ઘરફોડ ચોરીનો ભેદ, આરોપી ઝડપાયો

અમદાવાદ LCB ઝોન-૬ એ કાગડાપીઠ પો. સ્ટે. વિસ્તારની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આરોપી જાવેદ ઉર્ફે થકેલી અજીજખાન પઠાણને કાકરીયા રેલ્વે યાર્ડ પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ચાંદીના દાગીના અને એક સ્કૂટર સહિત કુલ ₹ ૫,૧૨,૨૦૦/- નો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે.



## પાસામાંથી છૂટ્યા બાદ કીર્તિ પટેલ ફરી વિવાદમાં, ધમકીભરી રીલ મૂકી



### વિવાદોમાં રહેતી કીર્તિ પટેલ પાસામાંથી મુક્ત: ધુરંધરના સોંગ પર રીલ બનાવી લુંગી-જેકેટમાં 'લૂખાવ રેડી છો ને?' કહી વિરોધીને ચીમકી

ગુજરાતની જાણીતી પરંતુ વિવાદાસ્પદ સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ ફરી એકવાર ચર્ચામાં આવી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બળજબરીથી પૈસા પડાવવાના ગુનામાં પકડાયા બાદ તેને પાસા હેઠળ વડોદરા જેલમાં ધકેલી દેવાઈ હતી, જ્યાં સવા મહિનાનો જેલવાસ પૂર્ણ કર્યા બાદ તે મુક્ત થઈ છે. જેલમાંથી બહાર આવતાની સાથે જ કીર્તિ પટેલે પોતાના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો રીલ પોસ્ટ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું છે. આ વીડિયોમાં તે લુંગી અને જેકેટમાં, 'ધુરંધર' ફિલ્મના સોંગ પર સિગારેટનો દમ લગાવતી જોવા મળી રહી છે. આ રીલની સાથે તેણે 'લૂખાવ રેડી છો ને?' એવું કેપ્શન પણ લખ્યું છે. કીર્તિ પટેલે આ સાથે સોશિયલ મીડિયા સ્ટોરીમાં પણ વિવાદ ઊભો કર્યો છે. તેણે પોતાની સામે ફરિયાદ નોંધાવનાર અલ્પેશ ડોન્ડાને ખુલ્લી ચીમકી આપતી પોસ્ટ કરી છે. કીર્તિ પટેલ સામે ગુજરાતમાં અલગ અલગ ૧૦ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે અને તે ગુનાહિત પ્રવૃત્તિની ટેવ ધરાવે છે, જેના કારણે તેને પાસા હેઠળ જેલમાં મોકલાઈ હતી.

## રાજકોટ સિવિલમાં એમ્બ્યુલન્સ અછત, ગરીબ દર્દીઓ પર બોજ

રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં પાયાની સુવિધાઓ કથળી રહી છે. હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ 'કાયાપલટ'ના સ્વપ્ન સેવે છે, ત્યારે દર્દીઓને એમ્બ્યુલન્સની ભયંકર અછતનો સામનો કરવો પડી રહ્યો છે.

સિવિલ હોસ્પિટલ પાસે કુલ ૫ એમ્બ્યુલન્સ, એક શબવાહિની સહિત ૭ વાહનો છે, પરંતુ છેલ્લા ૧૦ દિવસથી ૩ એમ્બ્યુલન્સ અને ૧ શબવાહિની રિપેરિંગ માટે અમદાવાદમાં છે, જેના કારણે ગંભીર અછત સર્જાઈ છે.

આ અછતનો સીધો માર ગરીબ દર્દીઓ પર પડ્યો છે. નિયમ મુજબ, દર્દીઓને પ્રતિ કિલોમીટર માત્ર ₹ ૨ના ભાડે સરકારી એમ્બ્યુલન્સ મળવી જોઈએ, પરંતુ સરકારી વાહનોના અભાવે ગરીબ દર્દીઓ અને મૃતકોના સ્વજનોને ફરજિયાતપણે ખાનગી એમ્બ્યુલન્સ માટે પ્રતિ કિલોમીટર ₹ ૮ જેટલો ઊંચો ખર્ચ ચૂકવવો પડે છે. ખાનગી સંચાલકો પીએમ રૂમ પાસે જ ડેરો જમાવીને ગરીબો પાસેથી મનફાવે તેવા નાણાં વસૂલી સરાજાહેર લૂંટ ચલાવી રહ્યા છે. હોસ્પિટલના પીઆરઓ ડો. હર્ષદ દુસરાએ પરિસ્થિતિ સુધારવા માટે પાંચ નવી એમ્બ્યુલન્સની માંગણી કરી હોવાનું જણાવ્યું છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ સિવિલ હોસ્પિટલ વિવાદમાં: ૪ વાહનો રિપેરિંગમાં, એમ્બ્યુલન્સ ડ્રાઇવરોની સંખ્યા ત્રણ ગણી, ગરીબોને ઊંચા ભાવ ચૂકવવા મજબૂર**

## પ્રતિબંધિત રોલિંગ પેપર વેચનાર પાન ગલ્લો સંચાલક ઝડપાયો



રાજ્ય સરકારના જાહેરનામા બાદ કાગડાપીઠ પોલીસે પાનના ગલ્લાઓ પર ડ્રાઇવ રાખી. એસ.ટી. બસ સ્ટેશન પાસેના એક ગલ્લામાંથી ચરસ-ગાંજાના સેવન માટે વપરાતા ૪૦ નંગ 'ગોગો સ્મોકિંગ કોન' મળી આવ્યા. પોલીસે ગલ્લો ચલાવનાર રાજકુમાર રમેશભાઈ કૌરી (ઉ.વ. ૨૬) વિરુદ્ધ BNSS કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## શીત લહેર સામે આરોગ્ય વિભાગે જાહેર કરી માર્ગદર્શિકા

રાજ્યમાં રાજકોટ સહિત અનેક વિસ્તારોમાં ઠંડીનો મોટો રાઉન્ડ શરૂ થવાના સંકેત વચ્ચે આરોગ્ય વિભાગે સરકારની સૂચનાથી જાહેર માર્ગદર્શિકા બહાર પાડી છે. શીત લહેર દરમિયાન વૃદ્ધો અને બાળકોને ખાસ સાવચેતી રાખવા જણાવાયું છે. પૂરતા ગરમ કપડાં, મોજાં, ટોપી અને મફલરનો ઉપયોગ કરવો, ગરમ અને નવશેકું પાણી પીવું તથા ઠંડા ખોરાકથી દૂર રહેવાની સલાહ અપાઈ છે. બાળકોને એકથી વધુ ગરમ કપડાં પહેરાવવા અને ઊની કપડાં અંદર પહેરવા સૂચવાયું છે. ફ્લુ, શરદી જેવા લક્ષણો દેખાય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવા અને કટોકટીમાં 108 એમ્બ્યુલન્સ સેવા લેવા અનુરોધ કરાયો છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



## હીરાસર એરપોર્ટમાં સુવિધાઓ ખોરવાઈ, મુસાફરો પરેશાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન સમાન રાજકોટ હીરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટ પર સુવિધાઓના દાવાઓ હકીકતમાં ખોખલા સાબિત થઈ રહ્યા છે. એરપોર્ટના નવા ટર્મિનલમાં એક પછી એક ગંભીર સમસ્યાઓ સામે આવી રહી છે, જેને કારણે મુસાફરો અને સ્ટાફ બંને મુશ્કેલીમાં મુકાયા છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે ટર્મિનલના ડિપાર્ચર વિસ્તારમાં આવેલા સ્ટાફના વોશરૂમ છેલ્લા એક સપ્તાહથી ચોક થઈ ગયા છે. તેને રિપેર કરવાની જગ્યાએ એરપોર્ટ ઓથોરિટીએ વોશરૂમ અને સિંકને કાળા પ્લાસ્ટિક બેગ (ઝબલા)થી ઢાંકી દીધા છે, જે એરપોર્ટની ઉચ્ચ કક્ષાની સુવિધા માટે શોભાસ્પદ નથી.
આ ઉપરાંત, સિક્યુરિટી હોલ્ડ એરિયામાં છેલ્લા ચાર દિવસથી એક લિફ્ટ બંધ હાલતમાં છે, જેના કારણે વૃદ્ધ અને દિવ્યાંગ મુસાફરોને હાલાકી ભોગવવી પડી રહી છે. વાઈ-ફાઈ અને મોબાઈલ નેટવર્ક સુધારાના સત્તાવાર દાવા છતાં, સ્થિર કનેક્ટિવિટીનો અભાવ યથાવત છે. પાણીની સમસ્યા પણ ગંભીર છે, જ્યાં ગઈકાલે સવારે ૫:૩૦ થી ૮:૩૦ વાગ્યા સુધી પાણી ન આવતાં મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**હીરાસર એરપોર્ટના વોશરૂમ પર કાળા ઝબલા: આધુનિકતાના દાવાઓ ખોખલા સાબિત!**

## રૈયા રોડ અન્ડરબ્રિજમાં ખામી, જોખમી ગટરથી વાહનચાલકો પરેશાન



રાજકોટના કિસાનપરા ચોક નજીક રૈયા રોડ અન્ડરબ્રિજમાં ચોમાસું પૂર્ણ થયાને બે મહિના બાદ પણ દિવાલમાંથી પાણી વછૂટતું રહેતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. પાણી અટકાવવામાં નિષ્ફળ ગયાં બાદ મહાનગરપાલિકાએ નિકાલ માટે અન્ડરબ્રિજની બન્ને બાજુ એક-એક ફૂટની આર.સી.સી. ગટર બનાવતાં માર્ગ બે ફૂટ સાંકડો બન્યો છે. અંધારું અને ઢાળ હોવાથી આ ગટર સાથે વાહન અથડાવાનો ગંભીર ખતરો રહે છે. હજારો વાહનો રોજ પસાર થતાં આ વ્યવસ્થા જોખમી બની રહી છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## બાપોદમાંથી પ્રતિબંધિત ઇ-સિગરેટ (વેપ) નો મોટો જથ્થો જપ્ત

વડોદરા શહેરને નશા મુક્ત કરવા માટે શહેરના પોલીસ તંત્ર દ્વારા કડક હાથે કામ લેવામાં આવી રહ્યું છે. SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) દ્વારા શહેર વિસ્તારમાં પાનના ગલ્લાઓ અને તમાકુ ઉત્પાદનોના વિક્રેતાઓ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.
SOG ટીમના અધિકારીઓને અંગત બાતમીદાર મારફતે માહિતી મળી હતી કે, આજવા રોડ પર સરદાર એસ્ટેટ પાસે આવેલી જેની રેસીડન્સીના ફ્લેટ નંબર A/503 માં રહેતો સેફાન ઉર્ફે બાબા મેમણ પ્રતિબંધિત ઇ-સિગરેટ (વેપ) નો જથ્થો રાખીને છૂટક વેચાણ કરે છે.
આ હકીકતના આધારે SOG ટીમે તાત્કાલિક દરોડો પાડ્યો હતો અને ફ્લેટમાં તપાસ કરતાં સેફાનબાબા ઇકબાલભાઇ મેમણ હાજર મળી આવ્યો હતો. તેના રહેણાંક મકાનમાંથી Elfbar અને Yuoto DIGI કંપનીની અલગ-અલગ ફ્લેવરની કુલ ૪૮૭ બોક્સ ઇ-સિગારેટ મળી આવી હતી, જેની કિંમત ₹ ૧૦,૪૨,૦૦૦/- હતી. મોબાઇલ સહિત કુલ ₹ ૧૦,૭૭,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આરોપી વિરુદ્ધ COTPA-2003 અને ઇ-સિગારેટ પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.



**વડોદરા SOG ની મોટી કાર્યવાહી: પ્રતિબંધીત ઇ-સિગરેટના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો, ૧૦.૭૭ લાખનો મુદ્દામાલ કબજે**

## માલવણમાં જૂની અદાવતે લાકડીથી હુમલો, એક ગંભીર


ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના માલવણ ગામમાં જૂની અદાવતના કારણે મારામારીની ગંભીર ઘટના બની છે. માલવણ ગામના રહેવાસી કમલેશ ભાઈ રાજેશ ભાઈ નામના યુવક પર ગામના જ ૭ જેટલા લોકોએ જીવલેણ હુમલો કર્યો હતો. કમલેશભાઈના માતા-પિતાના જણાવ્યા મુજબ, તેઓ પોતાના પરિવાર સાથે એક સામાજિક પ્રસંગમાં જઈ રહ્યા હતા. તે સમયે ગામમાં ભાથીજી મહારાજના મંદિર નજીક જૂની અદાવત રાખીને ઝઘડો કરવા આવેલા રાયસિંહભાઈ શનાભાઈ, લક્ષ્મણભાઈ શનાભાઈ, ભારતભાઈ લક્ષ્મણભાઈ, સવિતાબેન લક્ષ્મણભાઈ, મનહરભાઈ રાયસિંહભાઈ, સુરેશભાઈ રાયસિંહભાઈ, શારદાબેન રાયસિંહભાઈ અને ઉષાબેન મનહર ભાઈએ લાકડીઓ અને દંડા સાથે તેમને રોક્યા હતા.
જૂની અદાવતમાં ઝઘડો વકરતાં આ ઇસમોએ કમલેશભાઈ પર પાછળથી હુમલો કર્યો, જેના કારણે તેમને ગંભીર ઇજાઓ થઈ અને સ્થળ પર જ ખેંચ આવવા લાગી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને સેવાલિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયા હતા. ત્યાંથી તેમને વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયા છે. પરિવારે માથાભારે હુમલાખોરો સામે કડક કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે. **રિપોર્ટ : હસમુખભાઈ નાયક**



**ખેડાના માલવણ ગામે સામાજિક પ્રસંગમાં જઈ રહેલા કમલેશ ભાઈ રાજેશ ભાઈ પર જૂની અદાવત રાખી ૭ લોકોએ લાકડી-દંડાથી હુમલો કર્યો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત કમલેશભાઈને ગોધરા સિવિલમાં રિફર કરાયા.**

## કેશોદના સાંગરસોલામાં જમીન વિવાદે મારામારી, બે ઘાયલ

કેશોદ તાલુકાના સાંગરસોલા ગામની સીમ વિસ્તારમાં ખેતીની જમીન પરના રસ્તા બાબતે થયેલા વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. ખોરાસા ગામે રહેતા કુસુમબેન ભીમભાઈ વાટકીયા પોતાના પિતા હમીરભાઈ રત્નાભાઈ ઝાલાની વાડીએ જવા માટે રસ્તેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સેઢા પાડોશી અતુલભાઈ કરસનભાઈ ચાવડાએ તેમને અશોભનીય ગાળો આપી હતી.
કુસુમબેન જ્યારે તેમના પિતાના ખેતરે પહોંચ્યા, ત્યારે આરોપી અતુલભાઈ ચાવડા ફરીથી ત્યાં આવીને "આ રસ્તેથી વાડીએ આવવું નહીં" તેવી ધમકી આપી ઉશ્કેરાઈ ગયો હતો. ઉશ્કેરાયેલા અતુલભાઈએ ખેતરમાં પડેલા લોખંડના પાઈપ વડે કુસુમબેન પર આડેધડ હુમલો કર્યો હતો.
ઝઘડો થતાં અતુલભાઈના માતૃશ્રીએ વચ્ચે પડીને ઝઘડો અટકાવવાનો પ્રયાસ કર્યો, તેમ છતાં અતુલભાઈએ લાકડાનું પાટીયું લઈ હમીરભાઈ રત્નાભાઈ ઝાલા પર પણ હુમલો કરતાં તેઓ લોહીલુહાણ બન્યા હતા. આરોપી જાનથી મારવાની ધમકી આપીને ફરાર થઈ ગયો હતો. ગંભીર ઇજાગ્રસ્ત કુસુમબેન અને હમીરભાઈને તાત્કાલિક કેશોદ સરકારી દવાખાનેથી જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે. કેશોદ પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.
**રિપોર્ટ : હર્ષ ભરડા, કેશોદ**



## તરશાલી પરિણીતા પર દહેજ અને ત્રાસનો આરોપ

વડોદરા શહેરના તરશાલી વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ પતિ અને સાસરીયાઓ દ્વારા શારીરિક તથા માનસિક ત્રાસ અપાયો હોવાની ફરિયાદ નોંધાવી છે. પરિણીતા મુજબ, લગ્ન બાદ પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધ, પૈસાની હેરાફેરી અને દહેજ બાબતે સતત અપમાન સહન કરવું પડ્યું હતું. દીકરીના જન્મ બાદ પણ પતિએ જવાબદારી સ્વીકારી ન હતી અને “તું અપશુકનિયાળ છે, છુટાછેડા આપી દે” કહી ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હતી. સાસુ-સસરા અને નણંદ દ્વારા દહેજ ન લાવવાના બહાને હેરાનગતિ કરાતી હતી. લાંબા સમયથી ચાલતા આ ત્રાસથી કંટાળી પરિણીતા પિયરમાં રહેવા મજબૂર બની. મામલે પતિ સહિત સાસરીયાઓ સામે તપાસ શરૂ.

## ભાવનગર ફાયર હેડક્વાર્ટર જર્જરિત, સલામતી પર પ્રશ્નો

ભાવનગર મહાનગરપાલિકાનું 31 વર્ષ જૂનું ફાયર હેડક્વાર્ટર બિલ્ડિંગ હાલમાં બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યું છે. બિલ્ડિંગના અંદર અને બહાર મોટા ક્રેક અને તિરાડો દેખાતા કર્મચારીઓની સલામતી સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. શહેરની ઇમરજન્સી સલામતી સંભાળતા ફાયર કર્મચારીઓ જોખમી માળખામાં ફરજ બજાવવા મજબૂર બન્યા છે. આ મુદ્દે મહાનગરપાલિકાના મેયરે જણાવ્યું છે કે ફાયર હેડક્વાર્ટરનું ટૂંક સમયમાં નવીનીકરણ હાથ ધરવામાં આવશે અને ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે. સાથે જ ફાયર કર્મચારીઓ માટે નિવાસ વ્યવસ્થા પણ બનાવવાની ખાતરી.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ડાંગ: કૃષિ સખી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે ક્લસ્ટર બેઝ તાલીમ



ડાંગ જિલ્લાના હનવતચૌન્ડ ક્લસ્ટરના દાવદહાડ ગામે કૃષિ સખી દ્વારા પ્રાકૃતિક કૃષિ વિશે ક્લસ્ટર બેઝ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ખેડૂતોને રવિ સિઝનમાં વાવવામાં આવતા પાકો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કૃષિ સખીઓએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ મુખ્ય આયામો — જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત, આચ્છાદાન અને મિશ્ર પાક પદ્ધતિ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. ખેડૂતોને રાસાયણિક ખાતરોનો ત્યાગ કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે ખાસ હિમાયત કરવામાં આવી હતી. **રિપોર્ટ : ચૌર્યા અજય ડાંગ**

## પલસાણામાં ૪.૭૧ લાખના વિદેશી દારૂનો જથ્થો જપ્ત

સુરત જિલ્લામાં દારૂની દાણચોરી અટકાવવાના ભાગરૂપે LCB શાખાએ મોટી કાર્યવાહી કરી છે. ASI રાજદીપભાઈ અને હેડ કોન્સ્ટેબલ ચિરાગકુમારને મળેલી બાતમીના આધારે પલસાણા ગામની સીમમાં આવેલા પરવેઝ પાર્કના આશાપુરી એપાર્ટમેન્ટના રૂમ નંબર ૩ માં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરની કુલ ૧,૮૧૨ નાની-મોટી બોટલો જપ્ત કરી હતી, જેની કિંમત ₹ ૪,૬૧,૮૪૫ અંદાજવામાં આવી છે. પોલીસે સ્થળ પરથી આનંદભાઈ જીતુભાઈ રાઠોડની ધરપકડ કરી છે, જ્યારે દારૂ મંગાવનાર મુખ્ય આરોપી આકાશ ઉર્ફે લાલુ ઉક્કડભાઈ રાઠોડ વોન્ટેડ છે. **રિપોર્ટ : સરફરાઝ શેખ**



## બારડોલી અકસ્માત કેસમાં કોર્ટે ઐતિહાસિક વળતર ચુકાદો

બારડોલી કોર્ટે કડોદરા હાઇવે પર મહાવીર જયંતિના દિવસે થયેલા એક ગમખ્વાર અકસ્માત કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ અકસ્માતમાં બારડોલીની જનતા નગર સોસાયટીના કિંજલબેન શાહ અને તેમના ચાર વર્ષના પુત્ર ડાયનનું ટ્રેલરના વ્હીલ નીચે કચડાઈ જવાથી મોત નિપજ્યું હતું. મૃતકના પરિવારે ₹ ૧ કરોડના દાવા સાથે કેસ દાખલ કર્યો હતો. લાંબી સુનાવણીના અંતે કોર્ટે વીમા કંપનીને મૃતકના પરિવારને વળતર રૂપે ₹ ૮.૨ મિલિયન (₹ ૮૨ લાખ) ચૂકવવાનો આદેશ આપ્યો છે, જે વીમા કંપની દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.


**રિપોર્ટ : સરફરાઝ શેખ**



## ડાંગ કોલેજે કેમ્બ્રિજ પરીક્ષામાં ઝોનમાં પ્રથમ સ્થાન

હાયર એજ્યુકેશન ગવર્મેન્ટ ઓફ ગુજરાત અને KCG અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને સુધારવા અને તેમને નોકરી માટે લાયક બનાવવા માટે SCOPE પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. આ અંતર્ગત લેવાતી કેમ્બ્રિજ અંગ્રેજી પરીક્ષામાં ડાંગની સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ આહવાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. કોલેજે છેલ્લા બે વર્ષથી SCOPE પરીક્ષામાં ૧૦૦% વિદ્યાર્થીઓનું સફળતાપૂર્વક રજીસ્ટ્રેશન કર્યું છે અને સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે તેણે ૧૦૦% પરિણામ પણ પ્રાપ્ત કર્યું છે. આ આદિવાસી વિસ્તારની કોલેજ માટે આ સિદ્ધિ ગૌરવરૂપ છે. આ ઉપરાંત, આહવા કોલેજ સાઉથ ગુજરાત ઝોનની તમામ સરકારી કોલેજોમાં સતત બે વર્ષથી ફર્સ્ટ રેન્ક પ્રાપ્ત કરનારી એકમાત્ર કોલેજ બની છે. આ સિદ્ધિ બદલ KCG અમદાવાદ દ્વારા પ્રિન્સિપાલ ડૉ. યુ. કે. ગાંગુર્ડે અને કો-ઓર્ડિનેટર ડૉ. સિદ્ધાર્થ શ્રીહરી મસ્કે ને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને કોલેજને શિલ્ડ પણ એનાયત કરવામાં આવ્યું હતું. KCG અમદાવાદે આહવા કોલેજને શુભેચ્છા પાઠવી છે.

**રિપોર્ટ : ચૌર્યા અજય ડાંગ**



## ઈડરના રેવાસ સીમમાં અકસ્માત, ચાર યુવકોના કરુણ મોત

સાબરકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતના કારણે મોતના આંકમાં વધારો થયો છે. ઈડર તાલુકાના રેવાસ ગામની સીમમાં સોમવારની રાત્રે ૮ વાગ્યાના સમયે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ, જેમાં ઈડર શહેરના ભોઈ વિસ્તારના ચાર યુવકોના મોત નિપજ્યા હતા.

આ કરુણ ઘટનામાં રીક્ષા, ઈકો ગાડી અને એક બુલેટ મોટર સાયકલ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. રીક્ષામાં સવાર શેલેષ ભાઈ ભોઈ, સચિન ભાઈ ભોઈ, રાજેશ ભાઈ ભોઈ, અને અનિલભાઈ ભોઈ મજૂરી કામ કરીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે રીક્ષામાં બેઠેલા આ ચારેય યુવકોનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

શહેર પોલીસને આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે અકસ્માતની વિગતો મેળવીને ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત બાદ આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. એકસાથે ચાર યુવકોના મોતથી ભોઈ વિસ્તારમાં ગમગીની છવાઈ ગઈ હતી, અને ચારેય મૃતકોની અંતિમ યાત્રા એકસાથે કાઢવામાં આવતા શોકનો માહોલ જોવા મળ્યો હતો. **રિપોર્ટ : જનક જાદવ**



**ઈડરના ભોઈ વિસ્તારમાં માતમ: રેવાસ ગામની સીમમાં ત્રિપલ અકસ્માત, રીક્ષામાં સવાર ચાર યુવકોના મોત, શોકનો માહોલ**


**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**


## નશામુક્તિ જનજાગૃતિ યાત્રાને શાળાઓમાં સારો પ્રતિસાદ

મણીનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જીતેન પ્રિયદાસજી મહારાજની પ્રેરણાથી શિક્ષાપત્રી જનકલ્યાણ અભિયાન અંતર્ગત નશામુક્તિ જનજાગૃતિ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. અભિનેતા સૌરભ રાજ્યગુરુ સંચાલિત આ યાત્રા અમદાવાદથી શરૂ થઈ વિવિધ જિલ્લાઓમાંથી પસાર થઈ સૌરાષ્ટ્રમાં પહોંચી છે. ભાવનગરની અનેક શાળાઓમાં બે દિવસ દરમિયાન બાળકોને નશાબંધી અંગે શેરી નાટક દ્વારા માર્ગદર્શન અપાયું હતું. 150થી વધુ શાળાઓ સુધી પહોંચેલી આ યાત્રાને બાળકો અને શિક્ષકોનો સારો પ્રતિસાદ મળ્યો છે.

## રાજકોટ સિવિલમાં જન ઔષધી સ્ટોર ફરી ખુલતા દર્દીઓને રાહત

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં કથિત રૂ. ૨૦ કરોડના દવા કૌભાંડના પગલે સરકાર માન્ય જન ઔષધી મેડિકલ સ્ટોર શનિવારથી અચાનક બંધ થતા દર્દીઓના સગા-સબંધીઓમાં ભારે દેકારો જોવા મળ્યો હતો. ત્રણ દિવસ બાદ આજે સવારથી સ્ટોર ફરી શરૂ થતાં દર્દીઓમાં રાહત ફેલાઈ છે. આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગાંધીનગરથી મળેલી સૂચનાના આધારે સ્ટોર ખોલવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે સ્ટાફ ઓછો હોવાથી દવાઓ લેવા આવેલા લોકોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## વાઇબ્રન્ટ સમિટ પૂર્વે રાજકોટમાં લટકતા વાયર હટાવવાની ચેતવણી

આવતા મહિને યોજાનારી વાઇબ્રન્ટ સમિટમાં ભાગ લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ આવવાના હોવાથી શહેરમાં તૈયારી તેજ બની છે. આ સંદર્ભે મહાનગરપાલિકાએ શહેરના બ્રિજ, પોલ, હોર્ડિંગ અને અન્ય ઇમારતો પર લગાવાયેલા કેબલ, બ્રોડબેન્ડ અને ટેલિવિઝનના લટકતા વાયરો દૂર કરવા માટે ચાર દિવસની મુદત આપી છે. મનપાના એન્ક્રોચમેન્ટ વિભાગે જણાવ્યું છે કે નિર્ધારિત સમયમર્યાદામાં સંબંધિત એજન્સીઓએ જાતે વાયરો દૂર કરવા પડશે. સમયમર્યાદા બાદ મહાનગરપાલિકા પોતે કાર્યવાહી કરી તમામ વાયરો કાપી નાંખશે. શહેરની સુંદરતા, સુરક્ષા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો હોવાનું મનપાએ સ્પષ્ટ કર્યું છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## રાજકોટ જિલ્લામાં મતદાર યાદી ડિજિટાઈઝેશન પૂર્ણ, 3.35 લાખ રદ્દ

રાજકોટ શહેર જિલ્લાના આઠ વિધાનસભા વિસ્તારોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમની કામગીરી પૂર્ણ થઈ છે. જિલ્લામાં કુલ 23.91 લાખ મતદારોમાંથી 20.55 લાખથી વધુ મતદારોના નામોનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું છે. પ્રક્રિયા દરમિયાન આધાર પુરાવા ન મળેલા, દિવંગત અને સ્થળાંતર કરેલા મતદારો સહિત 3.35 લાખથી વધુ નામો રદ્દ થવાના છે. સુધારેલી મતદાર યાદી 19 ડિસેમ્બરે પ્રસિદ્ધ થશે, ત્યારબાદ 19 ડિસેમ્બરથી 18 જાન્યુઆરી સુધી વાંધા-સૂચનો રજૂ કરી શકાશે. આખરી મતદાર યાદી 17 ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.

## શહેરના જુદા વિસ્તારોમાં વાહન અને મોબાઇલ ચોરી

વડોદરા શહેરમાં ચોરીની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. મકરપુરા વિસ્તારમાં કલ્યાણ નગરના ખુલ્લા ગ્રાઉન્ડમાંથી એક ઇકો કારનું આશરે રૂ. ૪૦ હજાર કિંમતનું સાયલેન્સર ચોરી ગયાનું સામે આવ્યું છે. અટલાદરા વિસ્તારમાં તલસટ ગામે ઘર સામે પાર્ક કરેલી હિરો કંપનીની મોટરસાયકલ અજાણ્યા શખ્સે ઉઠાવી લીધી હતી. તે જ રીતે ફતેહગંજના નિઝામપુરા કમલાનેહરુ પાર્ક પાસે ઘરની દિવાલ ઉપર મુકેલ વનપ્લસ મોબાઇલ ફોનની પણ ચોરી થઈ હતી. આ ઘટનાઓથી રહેણાંક વિસ્તારોમાં સુરક્ષા અને સાવચેતી અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે.

## ગોંડલ યાર્ડમાં નવા જીરુના ૨૦ કિલોના ૪૬ હજારથી વધુના વિક્રમી ભાવ

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે આજથી નવા જીરુની આવકના શ્રી ગણેશ થયા છે. જીરાની પ્રથમ આવકને વધાવવા માટે યાર્ડના અધિકારીઓ અને વેપારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. નવા જીરુની પ્રથમ હરરાજીમાં ૨૦ કિલો દીઠ આશ્ચર્યજનક રીતે ₹ ૪૬,૫૫૧/- નો વિક્રમી ભાવ બોલાયો હતો. સામાન્ય રીતે પ્રારંભિક આવકનો ભાવ ઊંચો રહેતો હોય છે, પરંતુ આટલો ઊંચો ભાવ બોલાતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. આ ભાવે વેપારીઓ દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

**રિપોર્ટ : મનીષ રામાણી**



## અમુલ ડેરી પદાધિકારીઓએ સીએમને શુભેચ્છા મુલાકાત

અમુલ ડેરીના સહકારી માળખામાં નવનિયુક્ત થયેલા ચેરમેન શ્રી શાભયસિંહ પરમાર અને વાઇસ ચેરમેન શ્રી વિજયભાઈ પટેલે આજરોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત સહકારી અને રાજકીય ક્ષેત્ર વચ્ચેના મજબૂત સમન્વયનું પ્રતીક બની રહી હતી.

આ મહત્વપૂર્ણ પ્રસંગે કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓ સહિતના રાજકીય અગ્રણીઓની હાજરી નોંધનીય રહી હતી. ઉપસ્થિત રહેનારા મહાનુભાવોમાં ખેડા જિલ્લા પ્રભારી મંત્રી અને કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, આણંદ જિલ્લા પ્રભારી મંત્રી અને રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડા, બરોડા સહ પ્રભારી મંત્રી અને રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલ મુખ્ય હતા. આ ઉપરાંત, ખેડા, આણંદ અને મહીસાગર જિલ્લાના ભાજપ પ્રમુખો – નયનાબેન પટેલ, સંજયભાઈ પટેલ અને દશરથભાઈ – પણ હાજર રહ્યા હતા. ધારાસભ્યો ચિરાગભાઈ પટેલ અને યોગેશભાઈ પટેલ તેમજ અમુલ ડેરીના ચૂંટાયેલા ડિરેક્ટરશ્રીઓએ પણ આ મુલાકાતમાં ભાગ લઈને નવા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



**અમુલ ડેરીના ચેરમેન શાભયસિંહ અને વાઇસ ચેરમેને મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી**

## રામોલના છાપરામાં કાર ઘૂસી, ૫ શ્રમિકોને ઈજા, ડ્રાઈવર ઝડપાયો

અમદાવાદના રામોલ વિસ્તારમાં વડું તલાવ નજીક શ્રમિકોના છાપરામાં એક કાર ઘૂસી જતાં મોટો અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં છાપરામાં રહેલા ૫ જેટલા શ્રમિકોને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે LG હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જનાર કાર ચાલક વિરેન્દ્ર હરીશભાઇ વાર્લેકર (ઉ.વ. ૨૭, રહે. હાથીજણ, વટવા) ઘટનાસ્થળેથી ઝડપાયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે વિસ્તારમાં દોડધામ મચી ગઇ હતી. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



## મહીસાગર: મુખ્ય સચિવ અશ્વિનીકુમાર રોલ ઓબ્ઝર્વર તરીકે નિમાયા

ગુજરાત રાજ્યમાં આગામી ચૂંટણીઓના સંદર્ભમાં ભારતના ચૂંટણી પંચે વહીવટી સ્તરે તૈયારીઓનું નિરીક્ષણ શરૂ કર્યું છે. તેના ભાગરૂપે, ગુજરાત સરકારના રમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મુખ્ય સચિવ અશ્વિનીકુમારની નિમણૂક મહીસાગર જિલ્લાના રોલ ઓબ્ઝર્વર તરીકે કરવામાં આવી છે.

રોલ ઓબ્ઝર્વર તરીકે અશ્વિનીકુમારે મહીસાગર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અને ચૂંટણીલક્ષી માળખાકીય સુવિધાઓની સજ્જતાની વિગતો લીધી હતી.

ખાસ કરીને, તેમણે SIR (સ્ટ્રક્ચરલ ઇન્ટિગ્રિટી રિપોર્ટ) સંબંધિત તમામ વિગતોની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી હતી. આ સમીક્ષાનો મુખ્ય ઉદ્દેશ ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અને ચોકસાઈ સુનિશ્ચિત કરવાનો છે. અશ્વિનીકુમારે વહીવટી તંત્રને ચૂંટણીની આચારસંહિતા અને પંચના નિયમોનું કડક પાલન કરવા માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



**ભારતના ચૂંટણી પંચના આદેશ: મુખ્ય સચિવ અશ્વિનીકુમાર બન્યા મહીસાગરના રોલ ઓબ્ઝર્વર, ચૂંટણીની પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કર્યું**

## મોગલવાડામાં બોલાચાલી બાદ ઘાતક હુમલાની ઘટના

વડોદરાના મોગલવાડા વિસ્તારમાં ઘરેલુ બાબતને લઈને ઉગ્ર વિવાદ સર્જાયો હતો. અબ્દુલ તૌવાબ ડાંગીવાલા પોતાના ભાણાને મારવાની ફરિયાદ બાબતે આરોપીના ઘરે સમજાવવા ગયા હતા. વાતચીત દરમિયાન બોલાચાલી તીવ્ર બની અને સ્થિતિ વણસી ગઈ. આ દરમ્યાન અસનાદ સરફરાઝ કુરેશીએ અચાનક સાણસી વડે ફરીયાદીના માથામાં ઘા કર્યો હતો, જેના કારણે તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાથી આસપાસના વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો હતો. ઘાયલને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાએ નાના વિવાદોમાં વધતી હિંસાની વૃત્તિ પર ચિંતા વ્યક્ત કરાવી છે.

## ઇન્સ્ટાગ્રામ વિવાદે દશામા ચાર રસ્તે મારામારી

વડોદરાના ગોરવા વિસ્તારમાં સોશિયલ મીડિયાના મુદ્દે હિંસક બનાવ સામે આવ્યો છે. ઇન્સ્ટાગ્રામ પર આદિતી રબારીને મેસેજ કરવા બાબતે અદાવત રાખી પ્રતિક રબારી અને તેના સાગરીતોએ ધ્રુવેશભાઈ પંચાલને દશામા ચાર રસ્તા પાસે બોલાવ્યો હતો. ત્યાં બોલાચાલી બાદ આરોપીઓએ ગડદા અને પાટુ વડે હુમલો કર્યો હતો. આ દરમિયાન અણીદાર વસ્તુથી માથાના ભાગે ઘા મારતા ધ્રુવેશભાઈને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાથી વિસ્તારમાં તણાવ ફેલાયો હતો અને ઘાયલને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

## મહીસાગર: ખેતરમાં વીજ તારનો કરંટ લાગતા યુવકનું ઘટના સ્થળે મોત

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ લાડણના મુવાડા ગામે પાક સંરક્ષણ માટે અપનાવાયેલી જોખમી પદ્ધતિના કારણે એક યુવકે જીવ ગુમાવ્યો છે. ખેડૂતો દ્વારા જંગલી પશુઓથી પાકને બચાવવા માટે ખેતરની આસપાસ ગેરકાયદેસર રીતે જીવંત વીજ તાર મૂકવામાં આવ્યા હતા. આ જીવંત વીજ તારના સંપર્કમાં આવતા એક યુવકનું ઘટના સ્થળે જ કરંટ લાગવાથી મોત નિપજ્યું હતું. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પોલીસે મૃતદેહનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**




## આચાર્ય મોડા આવતા કોઠંબાની શાળાને તાળાબંધી, બાળકો રઝળ્યા

મહીસાગર જિલ્લાના કોઠંબા વિસ્તારમાં આવેલી સુકા ટીંબા પ્રાથમિક શાળાના આચાર્યની અનિયમિતતા સામે ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આજે સવારે ૧૦.૩૦ વાગ્યે શાળા શરૂ થવાની હતી, પરંતુ આચાર્યના મોડા આવવાના કારણે બાર વાગ્યા સુધી શાળા ખુલી ન હતી. પરિણામે બાળકો અને સ્ટાફને બહાર બેસી રહેવું પડ્યું હતું. વારંવારની રજૂઆતો બાદ પણ પરિસ્થિતિમાં સુધારો ન આવતા રોષે ભરાયેલા ગ્રામજનોએ અંતે શાળાને તાળાબંધી કરીને તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો છે.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**




## જાળીલા શાળાના ૬૩૮ વિદ્યાર્થીઓને સુતરીયા પરિવારની સ્વેટર ભેટ

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના જાળીલા ગામે આવેલી શ્રી કાનજીભાઈ ગોપાળભાઈ સુતરીયા પે. સેન્ટર શાળાના ૬૩૮ વિદ્યાર્થીઓને એક ઉમદા સખાવતનો લાભ મળ્યો છે. શાળાના સર્વાંગી વિકાસ અને વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે દાતા પરિવારે આ પ્રશંસનીય પગલું ભર્યું છે. જાળીલા ગામના વતની અને હાલ અમેરિકા (USA)માં સ્થાયી થયેલા સુતરીયા પરિવારના સભ્યો – શ્રી હિરાલાલ કાનજીભાઈ સુતરીયા, શ્રી તુલસીભાઈ કાનજીભાઈ સુતરીયા અને શ્રી હિંમતભાઈ કાનજીભાઈ સુતરીયા દ્વારા શાળાના દરેક બાળકને ગરમ વસ્ત્રોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને OSWAL કંપનીના ઉચ્ચ ગુણવત્તાવાળા સ્વેટરની ભેટ આપવામાં આવી હતી. આ સ્વેટર વિતરણ કાર્યક્રમમાં જાળીલા ગામના યુવાનો, આગેવાનો અને SMC કમિટીના સભ્યોએ ખાસ હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ સત્કાર્ય બદલ શાળા પરિવાર, SMC કમિટી અને સમગ્ર જાળીલા ગામ વતી વિદેશમાં રહેતા સુતરીયા પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીને તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. દાતાઓની આ લાગણી સરાહનીય છે.



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## સાયબર ફ્રોડમાં એકાઉન્ટ ભાડે આપનારા સામે ગુનો

સાયબર ક્રાઈમને નાથવા માટે પોલીસ હવે સાયબર ગુનેગારોના નાણાકીય માળખા પર ત્રાટકી છે. 'એ' ડિવિઝન પોલીસે એક મહત્વની કાર્યવાહીમાં પોતાના બેંક એકાઉન્ટ્સ ગુનેગારોને 'ભાડે' આપનારા શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળ્યા મુજબ, તાજેતરના વિવિધ સાયબર ફ્રોડના કિસ્સાઓમાં લોકોએ કુલ રૂ. ૧૬,૦૪,૨૫૫/-ની રકમ ગુમાવી હતી. આ તમામ રકમ આ ભાડે અપાયેલા બેંક એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર થઈ હતી. તપાસમાં સામે આવ્યું કે આ એકાઉન્ટ્સ ધારકો પૈસાના બદલામાં ગુનેગારોને 'મની મ્યુલ' તરીકે મદદ કરતા હતા.

આ પ્રકારના કૃત્યથી સાયબર ફ્રોડના નાણાંનો પ્રવાહ છુપાવવામાં મદદ મળે છે. 'એ' ડિવિઝન પોલીસે આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા તમામ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. પોલીસે સાયબર ફ્રોડના નાણાકીય નેટવર્કના મૂળ સુધી પહોંચવા અને અન્ય સંડોવાયેલા આરોપીઓની ધરપકડ કરવા માટે સઘન તપાસ શરૂ કરી છે. પોલીસની આ કાર્યવાહી આવા ગુનાઓમાં સહાય કરનારાઓ માટે લાલબત્તી સમાન છે. **રિપોર્ટ : આશિષ વસાવડા**



**સાયબર ફ્રોડમાં ગયેલા ₹ ૧૬,૦૪,૨૫૫/-ની રકમ મેળવવા માટે, 'એ' ડિવિઝન પોલીસે પોતાના બેંક એકાઉન્ટ ગુનેગારોને ભાડે આપનારા શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી, ગુનો નોંધી તપાસ શરૂ કરી.**

## મહીસાગરમાં દિવ્યાંગ ખેલ મહાકુંભનો ઉત્સાહભેર પ્રારંભ

મહીસાગર જિલ્લામાં દિવ્યાંગોની રમતગમત ક્ષમતાઓને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વિશેષ ખેલ મહાકુંભનો આજથી પ્રારંભ થયો છે. લુણાવાડાના આઝાદ મેદાન ખાતે તા. ૧૬ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાઈ રહેલો આ દ્વિ-દિવસીય રમોત્સવ દિવ્યાંગો માટે એક મોટું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

આ આયોજનમાં બ્લાઇન્ડ વેલફેર કાઉન્સીલ અને એન. એ. બી. જેવી સંસ્થાઓનો પણ સક્રિય સહયોગ મળ્યો છે. ખેલ મહાકુંભમાં ભાગ લેનારા ખેલાડીઓમાં પ્રજ્ઞાચક્ષુ, અસ્થિવિષયક, શ્રવણમંદ અને મનોદિવ્યાંગ અક્ષમતા ધરાવતા ખેલાડીઓનો સમાવેશ થાય છે. ખેલાડીઓએ ઉત્સાહભેર વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. આ પ્રકારના આયોજનો દિવ્યાંગોને સમાજની મુખ્ય ધારામાં જોડવા અને તેમની આત્મવિશ્વાસની ભાવનાને મજબૂત કરવા માટે અત્યંત જરૂરી છે. જિલ્લા રમતગમત અધિકારીશ્રી અને અન્ય અધિકારીઓએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



**લુણાવાડા: દિવ્યાંગ ખેલ મહાકુંભ શરૂ, 4 પ્રકારની અક્ષમતા ધરાવતા ખેલાડીઓ જોડાયા**

## અરવલ્લી: પોલીસ વાનની ટક્કરે પોલીસકર્મીનું અકસ્માતે મોત

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઇ નજીક સોમવારની રાત્રે લગભગ ૧૧ વાગ્યાના સુમારે એક અત્યંત કરુણ માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં એક પોલીસકર્મીનું અકસ્માતે મોત નિપજતા સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

ટીંટોઇ પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ રાત્રિના સમયે તેમની PCR વાન પાસે ઊભા હતા. તે સમયે મોડાસા તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલી શામળાજી પોલીસ વાને નિયંત્રણ ગુમાવીને આ ત્રણેય જવાનોને અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં ટીંટોઇ પોલીસ સ્ટેશનની PCR વાનના ચાલક પટેલ મહેશભાઈ છગનભાઇનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

જ્યારે તેમની સાથે ઊભેલા અન્ય એક પોલીસકર્મી અને એક હોમગાર્ડ જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત જવાનોને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા પોલીસકર્મીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી ટીંટોઇ પોલીસે અકસ્માત સંબંધિત વધુ તપાસ શરૂ કરી છે. પોલીસકર્મીના મોતથી સમગ્ર પોલીસબેડામાં ગમગીની છવાઈ ગઈ છે.



## ગોત્રી રોડ પર એક્ટિવા અકસ્માતમાં યુવાન ઘાયલ

વડોદરાના ગોત્રી રોડ પર શ્રીના કોમ્પલેક્ષ નજીક વાહન અકસ્માતની એક ગંભીર ઘટના સામે આવી છે. વિસ્તારમાં ચાલતા સાગર જયેશ વોરાને પુરઝડપે આવતી એક્ટિવા અચાનક અડફેટે લેતાં તેઓ જમીન પર પટકાયા હતા. અકસ્માતમાં ફરીયાદીના પગમાં ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક સારવારની જરૂર પડી હતી. આસપાસના રાહદારીઓ અને સ્થાનિક લોકોએ તરત મદદરૂપ બની ઘાયલને હોસ્પિટલ ખસેડ્યો હતો.

ઘટનાથી થોડા સમય માટે રસ્તા પર વાહન વ્યવહાર ખોરવાયો હતો અને લોકોમાં ભય તથા આક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે ગોત્રી રોડ પર વધતી વાહન ગતિ અને બેદરકારીના કારણે આવા અકસ્માતો વારંવાર બની રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર માર્ગ સુરક્ષા, ટ્રાફિક શિસ્ત અને જવાબદાર વાહન ચલાવવાની જરૂરીયાત ઉપર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

## ઓનલાઇન છેતરપિંડીમાં બેંક ખાતાનો દુરુપયોગ ખુલાસો

ફતેગંજ વિસ્તારમાં ઓનલાઇન છેતરપિંડીનો વધુ એક મામલો સામે આવ્યો છે. નવાયાર્ડના ઝુબેર પઠાણ અને ગોરવાના દિલસાદખાન ઉર્ફે સલમાન પઠાણે HDFC બેંક, નિઝામપુરામાં ખાતું ખોલાવી ડિજિટલ ફ્રોડથી મેળવેલ રકમ જમા કરાવી હોવાનું જાણવા મળ્યું છે. આ ખાતા મારફતે અંદાજે રૂ. ૩.૭૧ લાખનું અનઅધિકૃત ટ્રાન્ઝેક્શન કરવામાં આવ્યું હતું. ઘટનાએ શહેરમાં વધતી ઓનલાઇન છેતરપિંડી અને બેંકિંગ સતર્કતાની જરૂરિયાત પર ફરી એકવાર ધ્યાન ખેંચ્યું છે.

## વિદ્યાર્થી બસ ભીડ મુદ્દે તાત્કાલિક ઉકેલ, વધારાની બસ વ્યવસ્થા

મોક્ષી ગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને છેલ્લા ઘણા સમયથી શાળાએ અને કોલેજે જવા માટે નિયમિત બસ સેવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. બસમાં પૂરતી જગ્યા ન મળવાના કારણે વિદ્યાર્થીઓને ભારે ભીડમાં મુસાફરી કરવાની ફરજ પડતી હતી. આ અસહ્ય પરિસ્થિતિના કારણે આજે વિદ્યાર્થીઓ દ્વારા બસ રોકીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી અને હંગામો સર્જાયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ વિસ્તારના સ્થાનિક આગેવાન હરદીપસિંહ મહિડા દ્વારા તાત્કાલિક વડોદરાના ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઇનામદારનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો. હરદીપસિંહ મહિડાએ ધારાસભ્યશ્રીને વિદ્યાર્થીઓની દયનીય પરિસ્થિતિ અને તેમની માંગણીઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઇનામદારે આ રજૂઆતને ગંભીરતાપૂર્વક લીધી હતી અને વિદ્યાર્થીઓના શિક્ષણમાં કોઈ બાધા ન આવે તે માટે ત્વરિત કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો. તેમણે તાત્કાલિક ધોરણે સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપીને મોક્ષી અને આસપાસના ગામોના વિદ્યાર્થીઓ માટે વધારાની બસની વ્યવસ્થા કરાવી. ધારાસભ્યશ્રીના આ તત્કાળ હસ્તક્ષેપના પરિણામે, વિદ્યાર્થીઓની લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાનો અંત આવ્યો અને વિદ્યાર્થીઓને પૂરતી સુવિધા સાથે મુસાફરી કરવાની રાહત મળી. બસ વ્યવસ્થા સુચારુ થતાં વિદ્યાર્થીઓએ ધારાસભ્ય શ્રી કેતનભાઈ ઇનામદાર અને સ્થાનિક આગેવાન હરદીપસિંહ મહિડાનો આભાર વ્યક્ત કર્યો હતો, જે સકારાત્મક રાજકારણનું ઉત્તમ ઉદાહરણ છે.
**રિપોર્ટ : સુરેન્દ્રસિંહ ડી ચૌહાણ**



## રશિયા વર્ક પરમીટના બહાને લાખોની છેતરપિંડી

ગોરવા વિસ્તારમાં વિદેશમાં રોજગાર અપાવવાના નામે છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. ગોરવાના રહેવાસી નીતીનભાઈ પરમાર સહિત ચાર શખ્સોએ ફરીયાદીને રશિયામાં વર્ક પરમીટ અપાવી આપવાની લાલચ આપી હતી. વિશ્વાસમાં લઈ આરોપીઓએ કુલ રૂ. ૩ લાખ વસૂલ્યા હતા, પરંતુ બાદમાં વર્ક પરમીટના બદલે માત્ર વિઝિટર વિઝા આપવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. ઘટનાથી વિદેશ જવાની આશા રાખતા લોકોમાં ચિંતા ફેલાઈ છે અને આવા ફ્રોડ સામે સાવચેતી રાખવાની જરૂરિ

## સાયબર છેતરપિંડીમાં મ્યુલ બેંક ખાતાનો ઉપયોગ ખુલાસો

બાપોદ વિસ્તારમાં સાયબર છેતરપિંડીનો એક ગંભીર મામલો સામે આવ્યો છે. એકતાનગર, આજવા રોડ વિસ્તારમાં રહેતા સરવરખાન અયુબખાન પઠાણ અને શાહીદ નામના શખ્સો પર ડિજિટલ છેતરપિંડીમાં સંડોવણીના આરોપો સામે આવ્યા છે. વિગતો મુજબ, સાયબર ગુનાઓને અંજામ આપવા માટે HDFC બેંકના મ્યુલ ખાતાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ખાતા મારફતે અલગ–અલગ ટ્રાન્ઝેક્શનમાં અંદાજે રૂ. ૧૦.૭૧ લાખ અને રૂ. ૮ લાખથી વધુ રકમ ટ્રાન્સફર કરાવવામાં આવી હતી. આ નાણાકીય હેરાફેરી બદલ આરોપીઓને કમિશન મળતું હોવાનું પણ બહાર આવ્યું છે. ઘટનાએ સાયબર સુરક્ષા અને બેંકિંગ સતર્કતાને લઈને ગંભીર ચિંતા.

## વડોદરા શહેરમાં પ્રોહિબિશન કાર્યવાહી, ૩૮ દારૂના કેસ નોંધાયા

વડોદરા શહેરમાં ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વિવિધ વિસ્તારોમાં દારૂ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના અલગ–અલગ સ્થળોએ કુલ ૩૮ પ્રોહિબિશનના કેસ નોંધાયા હતા. કાર્યવાહીમાં ૩૫ લીટર દેશી દારૂ, અંદાજિત કિંમત રૂ. ૭,૦૦૦ અને ૭ ઇ.કવા, કિંમત રૂ. ૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. નશાની હાલતમાં મળી આવેલા ૨૭ સહિત કુલ ૩૩ લોકોને અટક કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહીથી શહેરમાં દારૂના ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ચેતવણીરૂપ સંદેશો.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા: પોર ખાતે લાગી આવતાં સગીરાએ આપઘાત કર્યો

વડોદરાના પોર વિસ્તારમાં એક ગમગીનીભરી ઘટના સામે આવી છે. શાંતિ નિવાસ ફ્લેટમાં રહેતી ૧૪ વર્ષની અંશીકા ડી/ઓ લાલબીહારી નંદલાલ ગૌતમે ચોથા માળેથી પડતું મૂકી આત્મહત્યા કરી છે. પ્રાથમિક તપાસ મુજબ, અંશીકાને તે જ ફ્લેટમાં રહેતા સુભાષ નામના યુવક સાથે લગ્ન કરવાની વાતચીત હતી. યુવકના પિતાએ આ બાબતે સુભાષને ઠપકો આપ્યો હતો. પિતાના આ ઠપકાની વાત અંશીકાને માઠું લાગી આવતાં તેણે ગંભીર પગલું ભરી જીવન ટૂંકાવ્યું. વરણામા પોલીસે અકસ્માત મૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.



## વડોદરા ગ્રામ્ય: 'ઓપરેશન પરાક્રમ' હેઠળ કાર ચોરીનો આરોપી ઝડપાયો

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ અધિક્ષક શ્રી સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ 'ઓપરેશન પરાક્રમ' ચલાવવામાં આવી રહ્યું છે.

આ ઓપરેશન અંતર્ગત, ગતરોજ તા. ૧૩/૧૨/૨૦૨૫ ના રોજ મંજુસર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી મારૂતિ સુઝુકી અલ્ટો કાર (GJ-06-BA-3814) ચોરીની ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી ગુનો ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા.

તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે, પોલીસે દુમાડ ચોકડી પાસેથી ગૌતમ કિરીટસિંહ પરમાર (ઉ.વ. ૨૦, રહે. દંતેશ્વર, વડોદરા) નામના એક શખ્સને એક્સેસ મોપેડ (GJ-06-QR-3446) સાથે પકડી પાડ્યો. યુક્તિ-પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેણે અન્ય એક આરોપી જયસિંગ સિકલીગર સાથે મળી વેમાલી ખાતેથી અલ્ટો કાર ચોરી કર્યાની કબૂલાત કરી. પોલીસે ચોરાયેલી અલ્ટો કાર (કિ.રૂ. ૧ લાખ) સહિત કુલ ₹ ૧,૪૦,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરી ફરાર આરોપીને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

**વડોદરા ગ્રામ્ય પોલીસનું સરાહનીય કાર્ય: 'ઓપરેશન પરાક્રમ' હેઠળ કાર ચોરીના ગુનામાં એક આરોપી ઝડપાયો, કાર અને મોપેડ રિકવર**



## કેશોદ PGVCL માં ઉર્જા સપ્તાહ: વીજ સલામતી-બચત પર વર્કશોપ

કેશોદ PGVCL વિભાગીય કચેરી ખાતે આજરોજ "ઉર્જા સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી. વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી પી.આર. દુલેરા અને સ્ટાફ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમનો શુભારંભ થયો હતો.

ઉર્જા સપ્તાહની ઉજવણીના મુખ્ય ભાગરૂપે શ્રી પી.આર. દુલેરાના વડપણ હેઠળ એક માહિતીપ્રદ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વીજ સલામતી અને ઉર્જા બચત સંબંધિત ટેકનિકલ માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. કાર્યપાલક ઇજનેરે વીજ અકસ્માતોને સંપૂર્ણપણે નિવારવા માટે તમામ ટેક્નિકલ કર્મચારીઓને સચોટ માર્ગદર્શન આપ્યું અને ઉર્જા બચતનું મહત્ત્વ સમજાવી લોકોને જાગૃત કરવા માટે પ્રયત્ન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. કેશોદ વિભાગીય કચેરી તેમજ તેની તમામ પેટા વિભાગીય કચેરીઓના નાયબ ઈજનેરો, જુનિયર ઇજનેરો, સમગ્ર ટેકનિકલ સ્ટાફ અને વીજ કામ સાથે જોડાયેલા કોન્ટ્રાક્ટરો આ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન માનવ સંપદા વિભાગના નાયબ અધિક્ષક શ્રી એચ.એમ.પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. રિપોર્ટ : હર્ષ ભરડા, કેશોદ



**કેશોદ PGVCL વિભાગીય કચેરી ખાતે કાર્યપાલક ઇજનેર પી.આર. દુલેરાના વડપણ હેઠળ 'ઉર્જા સપ્તાહ'ની ઉજવણી કરાઈ. વીજ સલામતી અને ઉર્જા બચત અંગે ટેક્નિકલ કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરોને વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું.**

## કરજણ નજીક રિક્ષા અકસ્માતમાં બાળકનું દુ:ખદ મોત બન્યું

ભરૂચથી વડોદરા જતા ને.હા. ૪૮ પર વલણ ગામની સીમમાં રામદેવ હોટલ પાસે ગંભીર અકસ્માત સર્જાયો. બેફિકરાઈથી દોડતી સી.એન.જી. રિક્ષા અચાનક નિયંત્રણ ગુમાવી નાળાની દિવાલ સાથે અથડાઈ ગઈ. અકસ્માતમાં રિક્ષાચાલક અને એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા, જ્યારે ૧૫ વર્ષીય તજમુલ નાળાના પાણીમાં પડતા ડૂબી ગયો. ઘટનાથી વિસ્તાર શોકમાં મુકાયો છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## વડોદરા: પરિણીતાને દહેજ-સંતાન બાબતે ત્રાસ, 3 સામે ફરિયાદ

વડોદરાના મહિલા પોલીસ સ્ટેશનમાં તનજુમબાનુ વા/ઓ સહેબાજખાં પઠાણે પોતાના પતિ સહેબાજખાં, સાસુ અમીના અને નણંદ સબનમ અફઘાન સામે ગંભીર ગુનાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, પરિણીતાને દહેજ, શારીરિક મારઝૂડ અને માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકવામાં આવી છે. તનજુમબાનુએ પોલીસને જણાવ્યું કે, લગ્નના માત્ર ત્રણ મહિના બાદ જ સાસરિયાં તરફથી દહેજની માંગણી શરૂ થઈ ગઈ હતી. આ ઉપરાંત, સંતાન પ્રાપ્તિ બાબતે સતત મેણાટોણા મારીને ત્રાસ ગુજારવામાં આવતો હતો. સાસરિયાંઓએ તેમને ગાળો ભાંડી, મારઝૂડ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ કેસમાં સૌથી સંવેદનશીલ મુદ્દો એ સામે આવ્યો છે કે, મેડિકલ રિપોર્ટમાં પતિ સહેબાજખાંમાં ખામી હોવાનું સ્પષ્ટ થયું હોવા છતાં, સાસરિયાં દ્વારા સમગ્ર દોષનો ટોપલો ફરિયાદી પર ઢોળીને ત્રાસ આપવામાં આવતો હતો. મહિલા પોલીસે આ અંગે આઇ.પી.સી.ની કલમ ૪૯૮(ક) સહિતની કલમો હેઠળ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**વડોદરામાં તનજુમબાનુ પઠાણે પતિ, સાસુ અને નણંદ સામે દહેજ અને સંતાન પ્રાપ્તિ બાબતે ત્રાસ, મારઝૂડ અને ધમકીની ફરિયાદ નોંધાવી. મેડિકલ રિપોર્ટમાં પતિમાં ખામી હોવા છતાં ત્રાસ ગુજારાયો.**

## સાવરકુંડલા: બાલગોપાલ ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્ન અને સન્માન સમારોહ

સાવરકુંડલામાં શ્રી બાલગોપાલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી મુરલીધર ગોપાલક કુમાર છાત્રાલયના ઉમદા હેતુઓને સિદ્ધ કરવા માટે, શ્રી મુરલીધર ગોપાલક યુવા ગૃપના સહયોગથી વી.જે. પારેખ આંખની હોસ્પિટલ ગ્રાઉન્ડ ખાતે એક ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર પ્રસંગે, ટ્રસ્ટ દ્વારા ભરવાડ સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવનું આયોજન થયું, જેમાં કુલ ૨૦ નવ યુગલોએ પરંપરાગત રીતિ-રિવાજો અને ધાર્મિક વિધિઓ સાથે પ્રભુતામાં પગલાં માંડીને નવી દાંપત્યજીવનની યાત્રાનો શુભારંભ કર્યો. સમૂહ લગ્ન થકી ટ્રસ્ટે સમાજને એકતા અને સમાનતાનો સંદેશ આપ્યો.

સમૂહ લગ્નોત્સવની સાથે જ, ટ્રસ્ટની શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાને અનુરૂપ ૧૧મો શૈક્ષણિક સન્માન સમારોહ પણ યોજાયો. આ સમારોહમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર ભરવાડ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું પ્રોત્સાહન અર્થે સન્માન કરવામાં આવ્યું. સાથે જ તાજેતરમાં સરકારી સેવામાં નવનિયુક્ત થયેલા કર્મચારીઓનું સન્માન કરી સમાજની પ્રગતિને બિરદાવવામાં આવી. આ ભવ્ય આયોજનને આશીર્વાદ આપવા મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. શ્રી ઘનશ્યામપુરી બાપુ સહિત અનેક પૂજ્ય સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ નવયુગલોને અને સમગ્ર સમાજને શિક્ષિત બનવાની જરૂરિયાત પર ભાર મૂકી પ્રેરક ઉદ્બોધન આપી આશીર્વાદ વરસાવ્યા હતા. સમૂહ લગ્નના પ્રણેતા અને ભોજન સમારંભના દાતાશ્રી શ્રી મસાભાઈ અરજણભાઈ ઝાપડાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. **રિપોર્ટ દિલીપ વાઘેલા**



## વડોદરા ગ્રામ્યમાં પ્રોહિબિશન કાર્યવાહી, 10થી વધુ ઝડપાયા

વડોદરા ગ્રામ્ય પોલીસની વિવિધ ટીમો દ્વારા કાયદાનું કડક પાલન કરાવવા માટે સઘન પેટ્રોલિંગ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડભોઈ, ચાણોદ, જરોદ, શિનોર, વાઘોડિયા અને ડેસર પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ૧૦થી વધુ આરોપીઓ વિરુદ્ધ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

ડભોઈ પોલીસે ટાટા એસ વાહન ચલાવી રહેલા દિલીપભાઈ તડવીને પીધેલી હાલતમાં પકડી ડ્રન્કન ડ્રાઈવિંગનો કેસ નોંધ્યો છે. ચાણોદ, જરોદ અને ડેસર વિસ્તારમાં દેશી દારૂનું ગેરકાયદે વેચાણ કરતા પાંચ આરોપીઓ – જયાબેન તડવી, સંગીતાબેન તડવી, રમણભાઈ નાયક, સંગીતાબેન રાઠોડ અને કાળુભાઈ રાઠોડની ધરપકડ કરવામાં આવી છે, જેમની પાસેથી કુલ ૧૨ લિટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. શિનોરમાં દારૂ સાથે વોન્ટેડ જાહેર થયેલા નર્મદાબેન વસાવાને પકડવા તજવીજ ચાલી રહી છે. આ ઉપરાંત, વાઘોડિયા અને ડેસર વિસ્તારમાં સુનિલકુમાર ઉર્ફે બિઠલા મહતો અને રંગીતભાઈ પરમાર કેફી પીણું પીધેલ હાલતમાં જાહેર રોડ પર મળી આવતા તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

**વડોદરા ગ્રામ્ય: નશાની હાલતમાં વાહન ચલાવતા સહિત દારૂ વેચતા આરોપીઓ પકડાયા**

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ભાવનગર LCB/પેરોલ ફર્લો સ્કવોડે GST કૌભાંડનો આરોપી પકડ્યો

ભાવનગર રેન્જના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ભાવનગર, લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ ડામવા અને વોન્ટેડ આરોપીઓને પકડવા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે પેરોલ ફર્લો સ્કવોડે આજે એક મોટી સફળતા મેળવી છે.

તારીખ ૧૫/૧૨/૨૦૨૫ ના રોજ સ્કવોડના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં જી.એસ.ટી.ને લગતાં ખોટા દસ્તાવેજો બનાવવાના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આરોપી રમીઝભાઇ બાઉદીનભાઇ કાઝી (રહે. કાઝીવાડ, ભાવનગર) હાલ ભાવનગર શહેરના હલુરીયા ચોક નજીક ઊભો છે.

બાતમીના આધારે સ્કવોડે તાત્કાલિક સ્થળ પર પહોંચીને આરોપી રમીઝ કાઝીને ઝડપી પાડ્યો હતો. આ આરોપી વિરુદ્ધ પાલીતાણા ટાઉનમાં છેતરપિંડી, બનાવટ અને કાવતરાની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે. પોલીસે આ વોન્ટેડ આરોપીની ધરપકડ કરીને તેને કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરવા માટે ગંગાજળીયા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે, જેનાથી કાયદાનો ગેરલાભ લઈને છટકી રહેલા ગુનેગારોને કાયદાનું ભાન થશે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

**ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડની સક્રિયતા: ખોટા GST દસ્તાવેજો બનાવવાના ગુનામાં બે વર્ષથી ફરાર આરોપી પકડાયો**



## ભાવનગર: રીક્ષા લૂંટનો ભેદ ઉકેલાયો, 3 પુરુષ અને 1 મહિલા પકડાયા

ભાવનગર જિલ્લામાં અનડિટેક્ટ ગુનાઓ ઉકેલવાની ઝુંબેશ અંતર્ગત વરતેજ પોલીસે નારી ચોકડી નજીક થયેલી રીક્ષા લૂંટનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. તારીખ ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ એક મહિલાના હાથમાંથી આશરે ₹ ૧,૨૦,૦૦૦/- ની સોનાની બંગડી લૂંટીને ફરાર થયેલા ત્રણ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. વરતેજ પોલીસની સર્વેલન્સ ટીમે સી.સી.ટી.વી. ફૂટેજ અને બાતમીના આધારે રીક્ષાની ઓળખ કરી. પોલીસે અમદાવાદ અને ધોળકાના ૩ પુરુષ અને ૧ મહિલા સહિત ૪ આરોપીઓને ઝડપી પાડી સોનાની બંગડી, રીક્ષા અને મોબાઈલ મળી કુલ ₹ ૩,૭૮,૦૦૦/-નો મુદ્દામાલ રિકવર કર્યો છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**વરતેજ પોલીસે ₹ ૧.૨૦ લાખની સોનાની બંગડીની રીક્ષા લૂંટનો ભેદ ઉકેલ્યો: ૪ આરોપીઓની ધરપકડ**

## PM મોદી રાજકોટ રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટનું 10મીએ કરશે ઉદ્ઘાટન



રાજકોટમાં આગામી તા. 10, 11 અને 12 જાન્યુઆરી દરમિયાન યોજાનારી રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા. 10મીએ રાજકોટ આવશે અને સાંજે 4 વાગ્યે સમિટનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમને વડાપ્રધાનની ઉપસ્થિતિને કારણે વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ અનુસાર, 10મીએ ઉદ્ઘાટન સમારોહમાં વડાપ્રધાન સાથે વિદેશી અગ્રણીઓ, ટોચના ઉદ્યોગપતિઓ અને કેન્દ્રીય મંત્રીઓ ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન સૌરાષ્ટ્ર-કચ્છમાં રોકાણની સંભાવના અંગે ઉદ્યોગપતિઓ સાથે બેઠક પણ કરશે. તા. 11 અને 12 જાન્યુઆરી દરમિયાન બે દિવસમાં એગ્રી વેલ્યુ, ફિશરીઝ, વિન્ડ એનર્જી, હોર્ટીકલ્ચર, બ્લ્યુ ઈકોનોમી, સિરામિક, ડિફેન્સ, ખાણ ખનીજ અને મેરીટાઇમ જેવા ડઝનબંધ મહત્વપૂર્ણ વિષયો પર સેમિનાર અને ચર્ચા સત્રો યોજાશે. મહેમાનો માટે તા. 11મીએ સાંજે 6.30 વાગ્યે અટલ સરોવર ખાતે ગરબા અને સૌરાષ્ટ્રની ઝાંખી સહિતના રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## ભાવનગર: GST કૌભાંડમાં સંડોવાયેલો વોન્ટેડ આરોપી ઝડપાયો



ભાવનગર: જી.એસ.ટી.ને લગતા ખોટા દસ્તાવેજો બનાવવાના ગુનામાં છેલ્લા બે વર્ષથી ફરાર આરોપીને ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડ્યો છે. ભાવનગર રેન્જના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સ્કવોડ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમીના આધારે પાલીતાણા ટાઉનના ગુનામાં વોન્ટેડ જીશાન કરીમભાઈ હાલા (રહે. અલકા રોડ, વડવા, ભાવનગર)ને હેવમોર ચોક, ગંગાજળીયા તળાવ પાસેથી પકડવામાં આવ્યો હતો. આ આરોપી વિરુદ્ધ આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ છે. પોલીસે આરોપીને વધુ કાર્યવાહી માટે ગંગાજળીયા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.
**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

## અમદાવાદ: બોરવેલમાં ખાબકેલા પિતા-પુત્રીનું 20 મિનિટમાં રેસ્ક્યૂ



અમદાવાદના ચાંદલોડિયામાં ગજરાજ સોસાયટી સ્થિત જૈન દેરાસરમાં ગઈકાલે રાત્રે એક ગંભીર દુર્ઘટના બની હતી. દેરાસરમાં માળી કામ કરતા પરિવારની દીકરીનો 60 ફૂટ ઊંડા અને પાણી ભરેલા બોરવેલમાં પગ લપસ્યો હતો, અને તેને બચાવવા પિતા પણ કૂદી પડ્યા હતા. બોરવેલમાં પાણી ભરેલું હોવાથી પિતા-પુત્રી ડૂબવાની આરે હતા, ત્યારે ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ. ફાયરબ્રિગેડે માત્ર 20 મિનિટના સમયગાળામાં જ સફળ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી બંનેને હેમખેમ બહાર કાઢી સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## આણંદ: ઈન્દિરાનગરીના મકાનો હટાવવા નોટિસ, વિરોધ પ્રદર્શન



કરમસદ-આણંદ મહાનગરપાલિકાએ ગોપી સિનેમા રોડ પર આવેલી સરકારી જમીન પરના ઈન્દિરાનગરી વિસ્તારના ૩૫૦થી વધુ કાચા-પાકા મકાનો હટાવવા ૧૫ દિવસની નોટિસ આપી છે. આ નિર્ણયના વિરોધમાં ૫૦૦થી વધુ સ્થાનિકો ભીમ આર્મીના નેજા હેઠળ મનપા કચેરી પહોંચ્યા હતા અને આવેદનપત્ર પાઠવ્યું હતું. રહીશોએ જણાવ્યું હતું કે ૭૦ વર્ષથી વસવાટ કરતા પરિવારોના ઘરોને કોઈ યોગ્ય પુનર્વસન વ્યવસ્થા વિના તોડવા સુપ્રીમ કોર્ટના ચુકાદાનું ઉલ્લંઘન છે. તેમણે ચીમકી આપી છે કે ડિમોલિશન થશે તો જનઆંદોલન કરાશે.

## ખંભાત: કટર મશીન સાફ કરતા ૩૦ વર્ષીય યુવકનું વીજ કરંટથી મોત



ખંભાત તાલુકાના રોહિણી ગામે ડાંગર કાપવાના કટર મશીનની સફાઈ કરી રહેલા ૩૦ વર્ષીય યુવક રવિન્દ્રકુમાર રાણારામનું વીજ કરંટ લાગવાથી કરૂણ મોત નીપજ્યું હતું. મૂળ રાજસ્થાનના આ મજૂરનો હાથ કટર મશીનનો વીજ લાઈનને અડી જવાથી આ ગમખ્વાર અકસ્માત થયો. તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયો, જ્યાં મૃત જાહેર કરાયો. ખંભાત ગ્રામ્ય પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો છે.

# સિહોર ડિમોલિશન: વહીવટી તંત્ર ખડેપગે, દબાણ હટાવ કામગીરી શરૂ

સિહોર શહેરના જાહેર માર્ગો અને જગ્યાઓ પરના ગેરકાયદેસર દબાણોને નેસ્તનાબૂદ કરવા માટે આજે વહીવટી તંત્ર દ્વારા એક બહુપ્રતિક્ષિત મેગા ડિમોલિશન ડ્રાઇવનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન માટે નગરપાલિકા, પિજિવિસીએલ (PGVCL) અને મહેસૂલ વિભાગ સહિત વિવિધ વિભાગોનો સ્ટાફ સવારે ૯ કલાકથી જ સાધન સામગ્રી સાથે સજ્જ થઈ ગયો હતો.
મામલતદાર જાંબચાની સીધી દેખરેખ અને ઉપસ્થિતિ હેઠળ આ દબાણ હટાવ કામગીરી શરૂ કરવામાં આવી. દબાણો હટાવવા માટે જેસીબી, બુલડોઝર, ટ્રેક્ટર સહિતના આધુનિક સાધનોનો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. તંત્રનો સમગ્ર સ્ટાફ ખડેપગે રહીને કાર્યવાહીને સુચારુ રીતે પાર પાડી રહ્યો છે. આ મેગા ડિમોલિશનનો મુખ્ય ઉદ્દેશ શહેરની માળખાગત સુવિધાઓને પુનઃસ્થાપિત કરવાનો અને નાગરિકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવાનો છે. ખાસ કરીને ફૂટપાથ અને મુખ્ય માર્ગો પરના દબાણોના કારણે ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ સર્જાતી હતી. વહીવટી તંત્રની આ સંયુક્ત કાર્યવાહીથી સિહોરના જાહેર માર્ગો હવે ખુલ્લા થશે. વહીવટી તંત્ર દ્વારા દબાણકર્તાઓને અગાઉથી નોટિસો આપવામાં આવી હોવા છતાં જે દબાણો દૂર કરવામાં આવ્યા ન હતા, તેના પર આજે કાયદાનું હથિયાર ઉગામવામાં આવ્યું છે. આ કાર્યવાહીથી સિહોરની ભૌગોલિક સ્થિતિમાં સુધારો થશે અને શહેરની જાહેર વ્યવસ્થા વધુ સારી બનશે.
**રિપોર્ટર: જીશાન ખૂંટ**

**સિહોર શહેરમાં દબાણ હટાવવા ઐતિહાસિક મેગા ડિમોલિશન ડ્રાઇવ: નગરપાલિકા અને વહીવટી તંત્ર એક સાથે મેદાનમાં**



# બરવાળા પાસે સુપર કેરી ગાડીમાંથી ₹ 4.27 લાખનો વિદેશી દારૂ પકડાયો

બોટાદ જિલ્લામાં દારૂની ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્તનાબૂદ કરવા માટે બરવાળા પોલીસે કાર્યવાહી હાથ ધરી અને મોટી સફળતા મેળવી છે. નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક મારૂતિ સુઝુકી સુપર કેરી ગાડી (નંબર GJ-15-AT-6993)માં ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ધંધુકા તરફથી બરવાળા તરફ લાવવામાં આવી રહ્યો છે.આ બાતમીના આધારે બરવાળા પોલીસે ખોડિયાર મંદિર પાસે તાત્કાલિક વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન સદર ગાડી આવતા તેને પકડીને ચેકિંગ કરવામાં આવ્યું હતું. ચેકિંગમાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની કુલ 1596 બોટલો મળી આવી, જેની કિંમત ₹ 4,27,200/- થાય છે. પોલીસે દારૂ, દારૂની હેરાફેરીમાં વપરાયેલ ₹ 3,00,000/-ની ગાડી અને મોબાઇલ ફોન સહિત કુલ ₹ 7,28,200/-ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

# પાલીતાણાના ઠાડચ ગામે શાળા વિકાસને કરોડની ભેટ



પાલીતાણા-102 વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી ભીખાભાઈ બારૈયાએ આજે પાલીતાણા તાલુકાના ઠાડચ ગામે શિક્ષણ ક્ષેત્રે મહત્વની ભેટ આપી છે. તેમણે ઠાડચની શાળામાં ₹ 1 કરોડના ખર્ચે વિવિધ વિકાસલક્ષી કામો અને શાળાના નવા બિલ્ડિંગનું ભૂમિ પૂજન અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ભીખાભાઈ બારૈયાએ જણાવ્યું હતું કે, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આધુનિક અને સુવિધાયુક્ત શાળાઓ અનિવાર્ય છે. રાજ્ય સરકારનું લક્ષ્ય છે કે ગ્રામ્ય કક્ષાએ પણ શહેરી શાળાઓ જેવી જ ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થાય. ₹ 1 કરોડના આ પ્રોજેક્ટથી ઠાડચ ગામના વિદ્યાર્થીઓને વધુ સારો અભ્યાસનો માહોલ મળશે અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થશે. આ કાર્યક્રમમાં પાલીતાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જીગરભાઈ વાઘેલા, ઠાડચ ગામના સરપંચ શ્રી દિપકભાઈ ગોહિલ, શાળાના આચાર્ય, શિક્ષક ગણ, તેમજ ગામના આગેવાનો, હોદ્દેદારો અને ગ્રામ્યજનો મોટી સંખ્યામાં હાજર રહીને શાળા વિકાસના આ કાર્યને વધાવ્યું હતું. **રિપોર્ટ : શાફિન દાતારી**

**પાલીતાણા: ધારાસભ્ય ભીખાભાઈ બારૈયાએ ઠાડચમાં ₹ 1 કરોડના ખર્ચે શાળાના કામોનું ખાતમુહૂર્ત કરી શિક્ષણ વિકાસનો પાયો નાખ્યો**

# PGVCL નું ગઢડા મંદિર પાસે ચેકિંગ, રોડ બંધ થતા વિવાદ



ગઢડા: પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા ગઢડા BAPS મંદિરની બહાર મુખ્ય રોડ પર આવેલી દુકાનોમાં આજે વીજ ચેકિંગની મેગા ડ્રાઇવ હાથ ધરવામાં આવી. PGVCLના 10 થી 15 ગાડીઓના મોટા કાફલાએ કાર્યવાહી શરૂ કરી. જોકે, ચેકિંગની આ રીતથી સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.
સ્થાનિક વેપારીઓ અને જનતાનો આક્ષેપ છે કે ચેકિંગ ટીમ દ્વારા પોતાના વાહનો રોડ વચ્ચે ઊભા મૂકીને આખો રસ્તો બ્લોક કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે ટ્રાફિક જામ થયો અને સામાન્ય જનજીવન ખોરવાયું. જનતાએ સવાલ ઉઠાવ્યો છે કે આ રીતે નાના દુકાનદારો અને વેપારીઓને નિશાન બનાવવામાં આવે છે, જ્યારે સમાજમાં ખુલ્લેઆમ ચાલતા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર આવી તત્કાલ અને મોટા કાફલા સાથેની કાર્યવાહી કેમ નથી થતી?
જનતાએ જણાવ્યું હતું કે, રોડ વચ્ચે આ રીતે ગાડીઓ ઉભી રાખીને ધંધા-રોજગારને અસર થાય તેવું ચેકિંગ કરવાને બદલે, અન્ય ગેરકાયદેસર ધંધાઓ પર ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ. વીજ ચેકિંગના નામે કરવામાં આવેલી આ કાર્યવાહીને લીધે ગઢડાનું વાતાવરણ ગરમાયું હતું અને PGVCLના અભિગમ સામે પ્રશ્નો ઉભા થયા છે.
**રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**

# ગઢડા: કોળી આગેવાન સામે ખોટી ફરિયાદ, રદ કરવાની માંગ



ગઢડા: ગઢડાના જાણીતા વેપારી અને કોળી સમાજના આગેવાન ગજેન્દ્રભાઈ (ગોરાભાઈ) ગોહિલ વિરુદ્ધ ખોટી એટ્રોસિટીની ફરિયાદ દાખલ થવાના વિરોધમાં ગઢડા શહેર અને તાલુકા કોળી સમાજે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ ન્યાયની માંગ કરી છે. સમાજનો આક્ષેપ છે કે સ્થાનિક અસામાજિક તત્ત્વ વૃત્તિક મનોજભાઈ રાઠોડે કાયદાનો ગેરઉપયોગ કરીને ગજેન્દ્રભાઈ અને તેમના ભાઈઓને હેરાન કરવાના હેતુથી આ ખોટી ફરિયાદ કરી છે. રજૂઆત મુજબ, ગજેન્દ્રભાઈના મંડપ સર્વિસના ગોડાઉન નજીક 12 ડિસેમ્બરે માલસામાનની હેરફેર દરમિયાન વાહન બાબતે થયેલી બોલાચાલીમાં વૃત્તિક રાઠોડ અને તેના સાથીઓએ ગજેન્દ્રભાઈના ભાઈ તથા ડ્રાઇવર સાથે ઝઘડો કરી માર માર્યો હતો. ત્યારબાદ વૃત્તિક રાઠોડે સામેથી પોલીસ મથકમાં જઈને ગજેન્દ્રભાઈ અને તેમના ભાઈઓ પર ખોટી ફરિયાદ નોંધાવી દીધી. કોળી સમાજે ધ્યાન દોર્યું છે કે ફરિયાદ કરનાર વૃત્તિક રાઠોડ સામે અગાઉ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બદલ ગુના નોંધાઈ ચૂક્યા છે. સમાજની મુખ્ય માંગણી છે કે આ ખોટી એટ્રોસિટિ ફરિયાદ રદ કરવામાં આવે અને કાયદાનો દુરુપયોગ કરી લોકોને દબાવનાર વૃત્તિક રાઠોડ વિરુદ્ધ તડીપાર સહિતની કડક કાર્યવાહી કરવામાં આવે. સમાજે ચીમકી આપી છે કે જો ન્યાય નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કરવામાં આવશે. **રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**

# બોટાદ: ₹ 7.28 લાખના મુદ્દામાલ સાથે દારૂની હેરાફેરી ઝડપાઈ



બોટાદ જિલ્લા પોલીસની સૂચના હેઠળ બરવાળા પોલીસે દારૂબંધીના કાયદાનું કડક અમલ કરવા કાર્યવાહી હાથ ધરી હતી. નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહ લાલભાને ચોક્કસ બાતમી મળી હતી કે, એક સુપર કેરી ગાડી (GJ-15-AT-6993)માં ધંધુકા તરફથી વિદેશી દારૂનો મોટો જથ્થો બરવાળા તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે ખોડિયાર મંદિર પાસે વોચ ગોઠવી પોલીસે ગાડી પકડી પાડી. ગાડીમાંથી ₹ 4,27,200/-ની કિંમતની વિદેશી દારૂની 1596 બોટલો મળી આવી. પોલીસે વાહન સહિત કુલ ₹ 7,28,200/-નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે.
**રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**

**ભાવનગર રેન્જના માર્ગદર્શન હેઠળ બોટાદ પોલીસે બરવાળા નજીક બાતમીના આધારે સુપર કેરી ગાડીમાંથી ₹ 4.27 લાખનો વિદેશી દારૂનો જથ્થો અને વાહન મળી ₹ 7.28 લાખનો મુદ્દામાલ કબજે કર્યો.**